સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

દડો પડ્યો છે હવે દિલ્હી, ખેલ ના મેદાનમાં,
ઉતરશે ખેલાડી હવે, ખેલ ના મેદાનમાં,
- ને પધારશે પ્રોત્સાહકો, ખેલ ના મેદાનમાં,
છલકાશે મહેરામણ, ખેલ ના મેદાનમાં..
('સ્ટેડિયમ' - માં સપથવિધિ)

હાઈકુ

'ગાડી - બંગલા'
વેતરણમાં, ખોયું -
'ઘર નું ઘર'

શાંત તોફાને,
ડૂબી ગયું જહાજ -
બચ્યા કેપ્ટન!

ચિંતન

દૈવવશા દુત્પન્ને સતિ વિભવે યસ્ય નાસ્તિ ભોગેચ્છા ।
ન ચ પરલોક સમીહા સ ભવતિ ધનપાલકો મૂર્ખઃ ॥

'નશીબ સંજોગે જેને પૈસો-ધન-સમૃધ્ધિ તો મળ્યાં છે પણ તેમ છતાં તે કંજૂસ તે ભોગવતો પણ નથી કે તે ધન દાન-પુણ્યમાં ઉપયોગ કરી, પરલોક પામવાની ઇચ્છા પણ રાખતો નથી. એવો કંજૂસ માત્ર એ ધનની રોકી-રખેવાડી કરનારો મૂર્ખ માત્ર જ છે.'

ધન-સમૃધ્ધિ પૂર્વ-જન્મના કર્મ સંજોગે મળે છે એ જીવન સુધારવાનું સાધન છે એને એકત્ર કરી સાચવી રાખવું કે વધારવા તનતોડ મહેનત કરી એના પાછળ જીવન વેડફી નાખવું એ જીવન નથી. જીવનનો હેતુ અને લક્ષ્ય ધન-સમૃધ્ધિના સદુપયોગથી સિધ્ધ થઇ શકે છે.

કેટલાક લોકો ખોટાં કામ કરી, છેતરપીંડી કે કૌભાંડો કરી કરોડો રૂપિયા એકઠા કરે છે પણ પછી એનું શું કરવું એની એમને દિશા સૂઝ હોતી નથી. પરિણામ ધનભંડારની સુરક્ષા માટે દીધેલ 'તાળાં' જેવો નિર્વજ કે ધન સંરક્ષક 'નાગ'થી વિશેષ એનું કોઇ કામ નથી.

લક્ષ્મી ચંચલ છે જો તમે એનો આજે સત્કાર્યોમાં એનો ઉપયોગ નહીં કરો તો ચોર-ડાકુ, લૂંટારા-ધૂતારા કે ઇન્કમટેક્ષવાળા અને એ નહીં તો પારિવારિક વારસ જ તેનો ઉપયોગ કરશે. માટે ધન-સમૃધ્ધિનો યથાયોગ ઉપભોગ-સદુપયોગ કરો, માત્ર 'રોકી'તો મૂર્ખ જ કરે છે.

સુવિચાર

- જો તમે ભાવિ પેઢીને સભ્ય બનાવવા ઇચ્છતા હો તો તેની શરૂઆત તેની દાદીમાથી કરો - વિક્ટર હ્યુગો
- 'સભ્યતા' મનુષ્યને કર્તવ્યનો માર્ગ દર્શાવે છે - ગાંધીજી
- આપણે માનીએ છીએ કે અમારી સભ્યતા-સંસ્કૃતિ પોતાના સર્વોચ્ચ શિખર પર છે પરંતુ ખરેખર કેવલ પોતાના શૈશવમાં જ છે - ઇમર્સન
- સભ્યતાનો પર્યાપ્ત માપદંડ તે સમાજમાં-સમાજ પર સ્ત્રીની પરિસ્થિતિ કે પ્રભાવ છે - ફ્રેંકલીન
- સભ્ય શબ્દોમાં સમજાવી શકાતું નથી, એ માત્ર હોય છે - જે.કૃષ્ણમિસ્ટર
- સભ્યનું સ્થાન હૃદયમાં છે, મોઢાંમાં નહીં - શરદ બાબુ
- સત્યથી મોટો કોઇ ધર્મ નથી - બાઇબલ

બોધ કથા

જીવન એક એવું બાવળના કંટકોનું ગીચ અડાબીડ જંગલ છે તે તમે ગમે એટલું બચી બચી સુરક્ષિત ચાલવા પ્રયત્ન કરો છતાં પણ તમને હાથે-પગે-હૃદયે ઉઝરડા પડે જ. જીવવું એટલે ઘા-ઘસરકા-ઉઝરડા-અને પીડાઓ લઇને જીવવું - ગમે તેવા સંબંધો હોય બચપણ-હાઇસ્કૂલ-કોલેજ-નોકરી-ધંધાના લગ્નના-લગ્ન પછીનાં - એક એક સંબંધ અંતે તો તેના ઉઝરડાની નિશાની હૃદય પર મુકી જ જાય છે. આવા સૂકા ભઠ્ઠના તડકામાં પણ આપણને આપણા સુખની 'છાંયડી' શોધતાં આવડવી જોઇએ. આટલી સમજ અને અનુકૂલન ન હોય તો સંસારમાં પાગલખાનામાં તમે 'ગાંડા' સ્થાપિત થઇ જ જાવ!

એક ચિંતક પાગલખાનાની મૂલાકાતે ગયો. પાગલખાનાનો ડોકટર અને મનોચિકિત્સક એની સાથે રહી ગાંડાઓનો ઇતિહાસ અને આઘાત સાથે ગાંડા થવાનમાં કારણ જણાવતા હતા..

એક યુવાનને માથે-હાથે પાટા બાંધ્યા હતા. ચિંતક કે પૂછ્યું આને શું થયું? 'આમ તો આ ડાહ્યા જેવો છે પણ ગાંડપણનો દોર આવે ત્યારે માથાં પછાડે-હાથે બચકા ભરે અને પોકંપોકે રડે!' ચિકિત્સકે કહ્યું.

ચિંતક કહે, એ કોલેજકાળથી જે યુવતીને ચાહતો હતો તે મળી નહીં. લગ્ન પહેલાં જ કોઇ ઘનિક સાથે પરણી ગઇ અને એ આઘાત આ ઝીરવી ન શક્યો..

ચિંતક આગલ ચાલ્યો. બીજો યુવાન ગાડો જોયો. કપડાં ફાડી નાખે, દાંત કચકચાવે, માથાના વાળ ખેંચે! પૂછ્યું આને શું થયું? ડોકટર કહે, એને એની પ્રેમિકા મળી ખરી પણ ચારિત્ર્ય અને સ્વભાવ સાથે મેળ ન પડ્યો.. ને અહીં આવી ગયો.

આપણે ક્યારે જશું?!

પ્રેમનો આનંદ મુક્તિમાં હોય છે બંધનમાં નહિ, પંખીઓને મુક્ત ગગનમાં ઉડવા દઈએ, જો પાંજરામાં પક્ષીઓ ખરીદનાર હશે તો ત્યાં સુધી વેચનારને વેપાર કરવાનું પ્રોત્સાહન મળ્યા કરશે

વન્યસૃષ્ટિ પરિચય

દેશી-વિદેશી પક્ષીઓનો વેપાર

- હેમંત સુથાર

અંગ્રેજોની ગુલામાંથી આપણો દેશ આઝાદ થયો. પરંતુ આજે પણ ઘણાં બધાં પશુ-પક્ષીઓ આપણી ગુલામીમાંથી આઝાદ થયા નથી. સમાચારપત્રો અને ટી.વી. માધ્યમોમાં આપણને અવાર-નવાર દેશના વિવિધ નગરો, શહેરોમાં થતાં પક્ષીઓનાં ગેરકાયદેસર વેપારની રેડના સમાચાર સાંભળવા મળે છે. અમદાવાદનું ગુજરી બજાર, મુંબઇનું ક્રાઉ ફોર્ડ બજાર, કલકત્તાના હાટી બગાન અને હોગા બજાર તથા લખનૌ શહેરનું નખાસ બજાર પક્ષીઓના વેપાર માટે જાણીતા છે. આપણા ગુજરાત રાજયના મુખ્ય નગરો જેવા કે અમદાવાદ, સૂરત, રાજકોટ, વડોદરા અને ભારત દેશના કોલકાત્તા, મદ્રાસ (ચેન્નઇ), દીલ્હી, પુના, મુંબઇ જેવા મહાનગરો પણ અસંખ્ય પક્ષીઓના ગેરકાયદેસર વેપાર માટે જાણીતાં છે.

વર્ષોથી લાગતાં પક્ષીઓના ગેરકાયદેસર બજારોમાં મોટી સંખ્યામાં દેશી એટલે કે સ્થાનિક ભારત દેશના અને આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, સાઉથ અમેરિકા જેવા વિદેશોના વિદેશી પક્ષીઓ વેચાઇ રહ્યા છે. વન્યજીવ સંરક્ષણ અધિનિયમ - ૧૯૭૨ હેઠળ દેશના ઘણાં બધાં પક્ષીઓને અનુસૂચિ -૪ હેઠળ રક્ષિત જાહેર કરવામાં આવેલાં છે. તેમ છતાં ટપૂસિયા (મુનિયા), (ગંદમ બન્ટીંગ), સ્થાનિક કાબર, ઘોડા કાબર (બેંક મેના), પહાડી કાબર (હીલ મેના) રાજપીપળા કે સુરપાણેશ્વરનો પોપટ (એલેકઝાન્ડર પેરાકીટ), તુઇ (પ્લગ હેડેડ પેરાકીટ), સુડા (રોડરીંગ પેરાકીટ), બુલબુલ, શાહીન (પેરાગ્રીન ફાલ્કન), સમડી (બ્લેક કાઇટ), રેવીદેવી ઘુવડ (બાર્ન આઉલ) મોટા ઘુવડ (ઇન્ડિયન કે યુરેશીયન ઘુવડ), શીંગડીયા ઘુવડ (હોર્ન આઉલ), તુતીઓ (ફીંચીસ), શ્વેતનયના (વાઇટ આઇ) ખલીજ ફીજન જેવા દેશી પક્ષીઓ મોટા પ્રમાણમાં વેચાય છે.

વિદેશી પક્ષીઓને અંગ્રેજીમાં એકઝોટીક (Exotic) બર્ડ કહેવામાં આવે છે. તેમાં મુખ્યત્વે ઓસ્ટ્રેલિયન કોકાટેઇલ અને ગ્રે પોપટ, બજરીગર, લવ બર્ડ, સ્કારલેટ અને હાસીન્થ મેકાઉ, રોસેલા, રેઇનબો લોરીકીટ, વિક્ટોરીયન ક્રાઉન, પીઝન અને ફીન્ચીસ જેવા પક્ષીઓ ખુબ જ સુંદર અને રંગબેરંગી હોઇ તેનું મોટા પ્રમાણમાં વેચાણ થાય છે.

ભારતીય પક્ષીઓ ખાસ કરીને ઉત્તરર પૂર્વીય ભાગોમાંથી કુદરતી આવાસ સ્થાને અને જંગલોમાંથી પકડવામાં આવે છે. બિહાર અને ઉત્તરપ્રદેશના ગંગા નદીના મેદાની વિસ્તારો તથા હિમાલયની તળેટીના ભાગોમાંથી ઘણીબધી જાતિઓના પક્ષીઓ પકડવામાં આવે છે.

આ ઉપરાંત ઓરિસ્સાના દક્ષિણ ભાગમાંથી, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આસામ જેવા રાજયોમાંથી પણ જુદી જુદી જાતના સ્થાનિક પક્ષીઓને પકડીને દેશના જુદા-જુદા ભાગોમાં વેચાણ અર્થે મોકલવામાં આવે છે.

કનવેન્શન ઓન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓફ એનડેન્જર્ડ સ્પીસીસ (CITES) હેઠળ મંજૂરી મેળવીને વિદેશી પક્ષીઓની ઘણી જાતો નિકાસ કરવામાં આવે છે. આવા એકઝોટીક પક્ષીઓની ખરીદ વેચાણ, રાખવા પર કોઇ પ્રતિબંધ નથી. પરિણામે આવા પક્ષીઓનો મોટા પ્રમાણમાં બેરોકટોક વેપાર થઇ રહ્યો છે. ફક્ત પૂના શહેરમાં પ્રતિ માસ ૧૫,૦૦૦થી વધુ પક્ષીઓનો વેપાર થઇ રહ્યો છે. તેજ દર્શાવે છે કે સમગ્ર દેશમાં કેટલી મોટી સંખ્યામાં પક્ષીઓ વેચાઇ રહ્યાં છે.

એક અંદાજ પ્રમામે આપણાં દેશનાં ૨૫૦ જાતિ અને વિદેશી ૭૦ જેટલી જાતોનાં પક્ષીઓનું વેચાણ થાય છે. વિશ્વ કક્ષાએ પ્રતિવર્ષ ૩.૫ થી ૫ લાખ જેટલા પક્ષીઓનો વેપાર નોંધાયેલો છે. જે ઓછામાં ઓછો ૪૪ લાખ અમેરિકી ડોલરથી વધુ કિંમતનો થાય છે, આવા વેપાર માટે જેટલા પક્ષીઓ પકડાય છે. તે પૈકીના એક ભાગના પક્ષીઓ પકડતી વખતે મરી જાય છે અને એક ભાગ જેટલા પક્ષીઓ તેમના વાહતુક દરમિયાન મૃત્યુ પામે છે. આ અંદાજ પ્રમાણે દર ત્રણ પક્ષીએ બે પક્ષી ગ્રાહક સુધી પહોંચે તે પહેલાં મૃત્યુ પામે છે અને બાકીનું બરોલું એક પક્ષી ગ્રાહક કે ખરીદનારની કાળજી - દેખરેખ પ્રમાણેનું આયુષ્ય ભોગવે છે. પરંતુ ટૂંક સમય બાદ તેવા ઘણા બધા પક્ષીઓ મરી જાય છે. વેચાણ કરનાર વેપારી પક્ષી ખરીદનારને તેની દેખરેખની પુરતી જાણકારી આપતાં નથી. આ કારણે પક્ષીઓ ઝડપથી મરતા રહે છે. અને તેમની માંગ ટકી રહે છે.

આ પૈકીના પક્ષીઓ પ્રાણી સંગ્રહાલયો અને સરકસમાં ખેલ માટે, ખાનગી સંગ્રહ કે પાલન માટે, દવાઓ માટે, મેલીવિદ્યા કે કાલા જાદુ માટે, સુશોભન કે સ્મત માટે ખરીદાય છે. ઘણાં બધાં વધુ કિંમતે વેચાતાં પક્ષીઓને રંગ કરીને બનાવટી પક્ષીઓ જુદી જાતના પણ વેંચવામાં આવે છે. ઘણાં પક્ષી ખરીદનારના ફક્ત નામથી કે દેખાદેખીથી પક્ષીઓ ખરીદતાં હોય છે. તેવાં લોકો પક્ષીઓને ઓળખી શકતાં પણ નથી. પહાડી મેનાની કિંમત વધુ છે તેથી સ્થાનિક કે ઘોડા કાબરને રંગ કરીને વેચવામાં આવે છે. તુઇ પોપટને રંગ કરીને વેચવામાં આવે છે. તુઇ પોપટને રંગ કરીને રાજપીપળાના વધુ માંગવાળા પોપટ તરીકે અને સૂડાને માલાબાર પેરાકીટ તરીકે વેચવામાં આવે છે. મેલીવિદ્યા માટે શીંગડીયા ઘુવડની માંગ અને કિંમત ઊંચી છે. તે ધ્યાનમાં લઇને ચીબરીને શીંગડા બનાવીને વેચવામાં આવે છે. બીજા ઘણાં બધાં પક્ષીઓમાં આ પ્રમાણે રંગો કરીને વધુ વેચાતા પક્ષીના નામે છેતરવામાં આવે છે.

પાંજરામાં પક્ષીઓ પાળવાનો આનંદ પક્ષીઓ પ્રત્યેના પ્રેમનું પ્રતિક છે પરંતુ આપણી આવી શુભભાવનાને કારણે પક્ષીઓ કેદની સજા ભોગવે છે અને ગેરકાયદેસર પક્ષીઓનો વેપાર સતત ચાલ્યા કરે છે. આ કારણે લાખો પક્ષીઓ મૃત્યુ પામે છે અને જીવે ત્યાં સુધી તેને ક્રૂરતા સહન કરવી પડે છે. પ્રેમનો આનંદ મુક્તિમાં હોય છે બંધનમાં નહિ. પંખીઓને મુક્ત ગગનમાં ઉડવા દઇએ. જો પાંજરામાં પક્ષીઓ ખરીદનાર હશે તો ત્યાં સુધી વેચનારને વેપાર કરવાનું પ્રોત્સાહન મળ્યા કરશે.

પાંજરામાં પક્ષીઓ પાળવાનો આનંદ પક્ષીઓ પ્રત્યેના પ્રેમનું પ્રતિક છે પરંતુ આપણી આવી શુભભાવનાને કારણે પક્ષીઓ કેદની સજા ભોગવે છે અને ગેરકાયદેસર પક્ષીઓનો વેપાર સતત ચાલ્યા કરે છે

મારામાં, રઝીયામાં કે દરેક ઔરતમાં એક મા બેઠી હોય છે, કોઈ પણ બાળક 'મા' કહીને જો પુકારે, તો સાવ અજાણી સ્ત્રી પણ તેને મદદ કરવા દોડી આવે...

કારણ એ 'મા' હતી ફાતિમા

- અનંત ન. વ્યાસ

રેલ્વેમાં નોકરી અને તેય પાછી લાઈનમેનની, એટલે જ સમાજથી દુર વસવાનું ક્વાર્ટરોમાં પણ તેનું ક્વાર્ટર સાવ છેવાડે, અલાયદું લોકો 'ફેતવાબાની ઝુંપડી' તેવા નામે આળખે. અને તેમાં વસતા લાઈનમેનની ફરજો પણ ઘણી. આવતી જતી ગાડીઓને સિગ્નલ આપવા. પાટાની તપાસ રાખવી એન્જિન શર્ટિંગ કરતું હોય ત્યારે સાથે રહેવું ઈત્યાદિ. નાના સ્ટેશન પર આવા બધા કામ માટે માત્ર એક જ વ્યક્તિ હોય. કાસમ આવો એક રેલ્વે લાઈનમેન હતો. બારેક વરસ પહેલાં કાસમની શાદી ફાતિમા સાથે થયેલી. લાંબા સમય સુધી સંતાન ન થયું. ફાતિમાના આગ્રહને વશ થઈ કાસમે રઝીયા સાથે બીજી શાદી કરી હતી. કુદરત પણ ક્યારેક ક્યારેક વિચિત્ર ખેલ પાડતી હોય છે. રઝીયા સાથે શાદી કર્યા પછી એક વર્ષમાં તો રઝીયા તથા ફાતિમાના બંનેને ત્યાં પારણું બંધાયું. કાસમ બે દીકરાનો બાપ બની ગયો. ફાતિમાના દીકરાનું નામ અકબર તો રઝીયાનો બેટો અબુ. અબુ અને અકબર સાથે ઉછરતા.

સમય જતાં રઝીયા તથા ફાતિમા વચ્ચે કલહ કંકાસ થવા લાગ્યો. જયારે ઝઘડા વધી પડયા ત્યારે ફાતિમાએ અલગ રહેવાનું પસંદ કરી લીધું. પોતાની અલગ ઝુંપડી બાંધી. આખો દિવસ બળેલી કોલશી વીણે ને સાંજે ગામમાં જઈ વેચી આવે. આછું-પાતળું ગુજરાન ચાલે. આ સમય દરમ્યાન અબુ અને અકબર તો સાથે જ રમતા હોય. રમવાનું સ્થાન રેલ્વેના પાટા કે પછી પ્લેટફોર્મ પરના બાંકડા...

એક દિવસ પ્લેટફોર્મ પર કુરકુરિયું ઉપાડી બંને બાળકો રમતા હતા. અચાનક કુતરી દોડતી આવીને જોરથી ભસવા લાગી. બાળકો ગભરાયાને અબુના હાથમાંથી કુરકુરિયું પડી ગયું. કુતરૂં નજીક આવી. કરડશે તેવો ડર લાગતા બંને બાળકો નાઠાં અકબર તો નજીકના બાંકડા પર ચડી ગયો ત્યારે અબુ પ્લેટફોર્મ પરથી ઉતરી રેલ્વે લાઈન પર જ દોડવા લાગ્યો. દોડતાં તેના પગમાં તાર અટવાયો તે ગોથું ખાઈ બે પાટા વચ્ચે પડ્યો.

દૂર એન્જિન શર્ટિંગ કરતું હતું. કાસમ પણ સાથે હતો. જે પાટા વચ્ચે અબુ પડ્યો હતો. બરાબર તેજ પાટા પર કાસમે ખાલી વેગનને ચડાવ્યું. એન્જિન તો વેગનને એક ધક્કો મારી નીકળી ગયું. અબુ ત્યાં પાટા પર પડ્યો છે તેનો કાસમને સ્વપ્ને ખ્યાલ ન હતો.

એન્જિને ધક્કો મારેલું વેગન માથા વિનાના ખળીસની જેમ પાટા પર દોડતું દોડતું આવતું હતું. અબુનું પડવું ને વેગનનું આ બાજુ દોડવું બંને સાથે બની ગયા. દોડતા વેગનનું અતિ મુશ્કેલ હતું તો પાટા પર પડેલા બાળકને બૂમો પાડી નીકળી જવા કહેવું તે પણ શક્ય ન હતું. છતાં લોકોએ બૂમો પાડી... પરિણામે તે ગભરાયેલું બાળક વધારે ગભરાયું - ઉભા થવાનો પ્રયત્નમાં ફરી ગબડી પડ્યું.

ફાતિમા બાજુની લાઈન પર કોલસી વીણતી હતી. તેણે આ જોયું. પડેલા અબુને જોયો. દોડતાં આવતા વેગનને દીઠું એક ક્ષણ તેના મનમાં વિચિત્ર પ્રકારના સંતોષનો ભાવ જાગ્યો. એ જ વખતે અબુએ રડતા રાગે 'મા' કહી બૂમ પાડી. બાળકના અવાજે તેને જગાડી દીધી. ભલેને રઝીયાના ખોળે અવતર્યો પણ દીકરો તો કાસમનોને... એટલે મારો જ... એ સફાળી છલાંગ મારી પાટા પાસે આવી ગઈ. પણ બાળકને હાથ પકડી ખેંચી લેવાનો સમય જ હતો. તે પાટા નજીક બેસી ગઈ. પોતાનો પગ લંબાવી 'યા અલ્લાહ!..' કરી અબુને પગનો ઠેલો માર્યો. પગના ઠેલાને કારણે બાળક પાટા પરથી ઉચકાઈ દુર ફેકાઈ ગયો. એ જ વખતે વેગનના ભારે પૈડા તેના પર ફરી વળ્યા.

સ્ટેશન પરના માણસો દોડતા આવ્યા. લોકોએ તેને તુરંત હોસ્પિટલમાં પહોચાડી. તેનો ડાબો પગ કપાવો પડ્યો. એક મહિના પછી ફાતિમા કાયમી અપંગ બની પોતાના ઘરે પાછી ફરી.

કોઈએ તેને પૂછ્યું. તારે અને રઝીયાને તો ક્યાં કદી બનતું હતું ? તેના દીકરાને બચાવવા શા માટે કુદી પડી?

ફાતિમા કહે 'મારામાં રઝીયામાં કે દરેક ઔરતમાં એક મા બેઠી હોય છે. કોઈ પણ બાળક 'મા' કહીને જો પુકારે. તો સાવ અજાણી સ્ત્રી પણ તેને મદદ કરવા દોડી આવે. જે ક્ષણે તેણે 'મા' કહી મને બૂમ પાડી તે ક્ષણે હું બધું જ ભૂલી ગઈ. મારી સામે હતું મદદ માગતું બાળક અને મારામાં બેઠેલ જાગૃત 'મા' હું સાહસ કરી શકી કારણ 'હું મા છું.'

નોંધ :

આ ઘટના ગઢડા સ્વામીનાના રેલ્વે સ્ટેશ પર ૧૯૬૨-૬૩માં બની હતી. અત્યારે ગઢડા ટ્રેઈન જતી નથી. પણ એ સમયે બે વખત ગાડી આવતી.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૩મી ડિસેમ્બર

- ત્વરિત-ક્રાંતિકારી રીતે નહિ પણ ક્રમશઃ અને ધીમી ગતિએ સુધારણા થવી જોઇએ જેથી આંચકો લાગે નહી તેવું માનનારા રાસબિહારી ઘોષની જન્મજયંતિ - ૧૩-૧૨-૧૮૪૫. સાહિત્ય શોખીન, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, ક્રિશ્ચિયન, ભટ્ટાચાર્યજી, દ્વારકાનાથ, તારકનાથ પવિતના સમકાલીન.
- ૧૮૯૧માં બેરિસ્ટર, ૧૮૯૫માં આર્યસમાજના પ્રમુખ, ૧૯૦૦માં આર્ય કન્યા વિદ્યાલયના સ્થાપક, દેશના કાર્ય માટે બલિદાન આપનારા મુનસીરામ પાછળથી સ્વામી શ્રધ્ધાનંદના લોકલાડીલા નામથી પ્રસિધ્ધ મહાત્માજીનો જન્મ - ૨૩-૧૨-૧૮૫૭.
- ૧૯૬૮ - ૨૦ પૈસાના સિક્કાની ભારતમાં પ્રથમ શરૂઆત.
- ૧૯૭૨ - પ્રથમવાર જ ઉતારૂઓ સાથેનું વિમાન ઉડાડનાર (એટલાંટિક સાગર પરથી) સફળ વિમાની હેરોલ્ડનું અવસાન.
- ૧૯૨૬ - આદર્શ મૂક સેવક, સાહિત્યપ્રેમી વેણીલાલ છગનલાલ બૂચનું અવસાન.

પોતાના ઉપર હુમલો થશે તેવું માનવા છતાં એવો હુમલો વહોરી લેનાર વ્યક્તિ સ્વ. રક્ષણનો અધિકારનો બચાવ રજૂ કરી શકે નહીં

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

સ્વ રક્ષણના અધિકાર અંગે સમજૂતી

ભારતના બંધારણમાં દરેક વ્યક્તિને ગુનાહિત હાનિ અથવા તો પોતાની અચકાયત સામે પોતાના શરીરનું રક્ષણ કરવાની અધિકાર આપેલ છે. તેવી જ રીતે ચોરી, લૂંટ, બગાડ અથવા ગુનાહિત પ્રવેશની ગુનાની વ્યાખ્યામાં સમાવેશ થતા કૃત્યો માટે તથા પ્રયત્નો માટે પોતાનું તથા પોતાની મિલકતનું રક્ષણ કરવાનો અધિકાર છે. જે કાર્ય પોતાના માટે કરી શકાય તે બીજાની જાનમાલના રક્ષણ માટે પણ કરી શકાય.

ભારતીય ફોજદારી ધારાની કલમ-૯૭ થી ૧૦૬માં સ્વ. રક્ષણના અધિકારનો અધિકારનો કાયદો તથા તેની સમજૂતી આપવામાં આવેલ છે.

જે વ્યક્તિની સામે બચાવ કરવાનો છે. તેથી ગુનાખોરી ઉપર આ અધિકારનો આધાર રહેલો નથી. પરંતુ તેનો સંપૂર્ણ આધાર કરવામાં આવેલા કાર્યની અયોગ્યતા અથવા દેખીતા ગેરવ્યાજબીપણા ઉપર રહેલો છે જો ભય ખરો અથવા વ્યાજબી હોય તો ભૂલના કારણે હતો તેથી તેમાં કોઇ તફાવત પડતો નથી. દા.ત. ગાંડા પાગલ માણસનું કૃત્ય શિક્ષાને પાત્ર નથી. છતાં તો હુમલો કરે તો તેને મારી નાખવાનું વ્યાજબી છે. કલમ-૯૮ મુજબના કૃત્ય બનતું નથી. વળી જયાં કોઇ ગુનાહિત કાર્યની વિરૂધ્ધ બચાવ કરતી વખતે કોઇ નિર્દોષ વ્યક્તિને ઇજા કરવાનું જોખમ વહોરવું જરૂરી હોય અને તેને એ કૃત્યથી છૂટું પાડી શકાય તેમ ના હોય તો તેવું જોખમ લેવાનું કાયદેસર છે. કલમ-૧૦૬ મુજબ, ગુનો બને છે. જે જામીનપાત્ર ગુનો છે.

સ્વ રક્ષણનો અધિકાર એટલે બીજાનો એકલાં કે મંડળી બનાવી ગેરકાયદેસરનું આક્રમણ કરે ત્યારે વ્યક્તિએ પોતાના શરીરનું અને મિલકતનું રક્ષણ કરવાનો અધિકાર છે એ દરેક વ્યક્તિનો જન્મસિધ્ધ અધિકાર છે. પોતાની જાતને મદદ કરવાની દરેક વ્યક્તિની પ્રાથમિક ફરજ છે. બળાત્કારીને સ્ત્રી દ્વારા વળતો હુમલો કરે અને બળાત્કારી મૃત્યુ કે મહાવ્યથા થાય તો સ્ત્રી ગુનેગાર ઠરતી નથી. તેણીએ કરેલ વળતો હુમલો સ્વ બચાવ માટે હતો તે પ્રાથમિક રીતે સાબિત કરવાનું રહે છે.

કોઇ વ્યક્તિ ગમે તેટલો કાયદાને માનનાર હોય તેમ છતાં, કોઇ પ્રસંગે તે કાયરની જેમ વર્તે એમ કાયદો ઇચ્છતો નથી, દરેક સ્વતંત્ર દેશના નાગરિકમાં સ્વ.રક્ષણના અધિકારની ભાવનાનો ઉછેર થવો જોઇએ. કોઇ વ્યક્તિ ઉપર હુમલો થાય તો તેણે નાસી ના જવું જોઇએ. જો સામે ઉભા રહીને તેના હુમલાખોરને વળતો જવાબ આપે તો તેનું એ કૃત્ય કાયદાની દૃષ્ટિએ તદ્દન વ્યાજબી છે. પરંતુ એવું ઠરાવાયું છે કે સ્વ રક્ષણના અર્થે જે ઇજાઓ કરવામાં આવે તે હાનિનો ભય હોય તેના પ્રમાણમાં જ હોવી જોઇએ. માત્ર ચોટીના ઇરાદે આવેલ વ્યક્તિને જાનથી ના મારી નખાય પરંતુ ચોર તાબે થાય અગર નાસી જાય તેટલી જ વ્યથા કે ઇજા પહોંચાડવી જોઇએ જે વ્યાજબી સ્વ બચાવ છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે પણ સ્વીકાર્યુ છે કે શરૂઆત કરનાર આક્રમણખોરોને સ્વ રક્ષણનો હક્ક પ્રાપ્ત થતો નથી.

પોતાના ઉપર હુમલો થશે તેવું માનવા છતાં એવો હુમલો વહોરી લેનાર વ્યક્તિ સ્વ. રક્ષણનો અધિકારનો બચાવ રજૂ કરી શકે નહીં.

જયારે એક વ્યક્તિ કે જૂથ દ્વારા બીજા વ્યક્તિ કે જૂથના અધિકારને પડકારી અધિકારો જપ્ત કરવા કરેલ હુમલા, અગર લડાઇ કરે તો ખાનગી બચાવાનો અધિકારનો કોઇ પ્રશ્ન ઊભો થતો નથી. તાજેતરની ચૂંટણીમાં જેઠા ભરવાડ તથા સામા પક્ષકારના ઉમેદવાર વચ્ચે કરવામાં આવેલ હુમલાને સ્વ બચાવમાં લઇ શકાય નહીં. આ બનાવમાં આ અપરાધ મનુષ્ય વધની કલમ ૩૦૭ મુજબ જ પગલાં લેવામાં આવેલ છે.

સ્વ બચાવની તથા અન્યના બચાર માટે સંબંધ અગત્યનો નથી. દા.ત. શેઠ, નોકર, પતી, પત્ની તથા બાળક, વાલીના સંબંધો આવશ્યક છે. દા.ત. પિતા પોતાની માતાનું ગળું દબાવવા પ્રયત્ન કરે અને બાળક પિતા ઉપર હુમલો કરી માતાને છોડાવે તો બીજાના શરીરના રક્ષણ કરવાનો બચાવ કલમ-૯૭ મુજબ બાળકની તરફેણ કરે છે.

ચોરાયેલી વસ્તુ 'અ' ના કબજામાં છે તેવી માહિતીના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર દ્વારા 'અ' ના ઘરે જઇ તપાસ કરતા 'અ' ઘરે ના મળતા તેની પત્ન પાસે વસ્તુની માંગણી કરે. જે અંગે 'અ' ની પત્ની કંઇ જ જાણતી ના હોય, પોલીસ ઇન્સ્પકટરે સોટી મારતા વળતાં હુમલામાં એની પત્નીએ લાકડી ઇન્સ્પેક્ટરના માથામાં મારતાં ઇન્સ્પેક્ટરનું મરણ થયું. આ કેસમાં એવો ચુકાદો આપવામાં આવ્યો કે આ પ્રકારના દ્વિવિધ હુમલા વિરૂધ્ધ પોતાનું રક્ષણ કરવાનો અધિકાર હતો.

શુધ્ધ બુધ્ધિથી કાર્ય કતા નોકર અંગેના કાયદામાં કોઇ અધિકારી દ્વારા મુદ્દત બહારના વોરંટ અન્વયે કાર્ય કરે અને મિલકત જપ્ત કરે તો તેણે શુધ્ધ બુધ્ધિથી કાર્ય કર્યુ હતું તેમ કહી શકાય નહીં, જેટલી હાનિ કરવાની આવશ્યકતા હોય તેથી વધુ હાનિ પહોંચાડવાનો હક્ક પ્રાપ્ત થતો નથી.